સૂચના ક્રમાંકઃ: 15/2/27

સૂચના મળવાની તારીખઃ : 21/07/2023

સમયઃ: 01:12 PM

સહી/હસ્તક્ષાર

કચેરીના ઉપયોગ માટે

## જાહેર અગત્યની બાબત પર ચર્ચા માટેનો પ્રસ્તાવ (નિયમ -૧૦૧)

વિષય   મુખ્યમંત્રી અમૃતમ યોજના અંગે

સૂચના મળ્યા તારીખઃ     21/07/2023

મંત્રીઃ   શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર

ગૃહમાં જવાબ આપવાની તારીખઃ ..........................................................................

---

મોકલનાર/પ્રેષકઃ

શ્રી કાંધલભાઈ સરમણભાઈ જાડેજા(84) , સભ્યશ્રી

પ્રતિ

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગુજરાત-૧

શ્રીમાન,

આપનો વિશ્વાસુ,

શ્રી કાંધલભાઈ સરમણભાઈ જાડેજા(84)

સભ્યશ્રી

21/07/2023 01:12 PM

મતવિસ્તાર ક્રમાંક અને નામ:84

અગ્રતા ક્રમ :-

* અન્ન અને નાગરિક પુરવઠા જણાવવા કૃપા કરશે કે:- :

માર્ચ-૨૦૧૮માં ભારત સરકારે કેન્દ્ર  પુરસ્કૃત 'આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' હેઠળ 'આયુષ્યમાન ભારત નેશનલ  હેલ્થ પ્રોટેકશન  મિશન' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે દુનિયાની સૌથી મોટી આરોગ્ય સુરક્ષા યોજના છે તે અમલમાં મુકીને ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકો માટે આરોગ્ય ક્રાંતિ સર્જી છે.

રાજ્ય સ્તરે આ માટે સ્ટેટ હેલ્થ એજન્સી કાર્યરત છે. દેશના ૧૦ કરોડ લાભાર્થીઓને પ્રતિ પરિવાર વાર્ષિક રૂ. પાંચ લાખની મર્યાદામાં સરકાર દ્વારા આરોગ્ય છત્ર પૂરુ પાડવામાં આવી રહ્યું છે. સદરહુ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે રહ્યું છે. રાજ્ય સરકારે આયુષ્યમાન ભારત અંતર્ગત સ્વસ્થ ગુજરાત અભિયાનને મિશનમોડમાં ઉપાડી લીધેલ છે જેના કારણે ગુજરાતે આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ થકી આ અભિયાનનું શ્રેષ્ઠ અને સમયબદ્ધ અમલીકરણ શક્ય બનેલ છે.

માંદગીના બિછાને પડેલ ગરીબ દર્દીને પૈસાના અભાવે ઉપચાર કરાવવામાં મુશ્કેલી ન પડે તે રીતે આ યોજના અંતર્ગત પ્રથમ ત્રણ માસમાં જ છ લાખથી વધારે લોકોને નિ:શુલ્ક સારવાર અપાઈ છે તેને માટે અંદાજે રૂ. ૧૧૯ કરોડથી વધારેની રકમ સ્વીકૃત કરાઈ છે. આ યોજના હેઠળ અંદાજે ૨૮૩૬ હોસ્પિટલોને  આવરી લેવાયેલ છે જેમાં ૯૬૪ ખાનગી હોસ્પિટલોનો પણ સમાવેશ થાય છે. જાહેર અને ખાનગી માન્ય હોસ્પિટલોમાં સારવાર અર્થે કેશલેસ સુવિધા પુરી પાડવામાં આવી છે. હોસ્પિટલમાં સારવારનો ખર્ચ, ડે-કેર સારવારનો ખર્ચ, પ્રિ અને પોસ્ટ હોસ્પિટલાઈઝેશન ખર્ચનો લાભ, નવજાત શિશુની સારવાર જેવા તમામ લાભો આવરી લેતી 'આયુષ્યમાન ભારત' યોજના હેઠળ ગુજરાતમાં ૪૪.૮૫ લાખ જેટલા ગ્રામ્ય અને શહેરી કુંટુંબોને આવરી લેતી આ યોજના હેઠળ ૩૭% જેટલી રાજ્યની વસ્તીને લાભ મળશે. આજદિન સુધી ગુજરાતમાં અંદાજે ૫૩.૯૫ લાખ નાગરિકોની આ યોજના હેઠળ નોંધણી થઈ ચૂકી છે.

મુખ્યમંત્રી અમૃત્તમ યોજના હેઠળની હોસ્પિટલો તથા રાષ્ટ્રીય સ્વાસ્થ્ય  વિમા યોજના હેઠળની ૧૭૪૩ હોસ્પિટલો આ યોજના હેઠળ આવી જશે. આ ઉપરાંત રાજ્યના ૩૩ જિલ્લાઓની અંદાજે ૧૮૬૪ હોસ્પિટલોનું પણ એમ્પેનલમેન્ટ આ યોજના હેઠળ આવરી લેવાયેલ છે. સદરહુ યોજનાના વધુ અસરકારક અમલીકરણ માટે જરૂરી નક્કર પગલા લેવા આ સભાગૃહ કેન્દ્ર સરકારને અનુરોધ કરે છે.

-